Regd. R.N.I. No. : GUJGUJ/18009


# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :15• Date : 31-08-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

## પ્રજ્ઞાન રોવરે ચંદ્રની વિક્રમ લેન્ડરની તસવીર લીધી



નવી દિલ્હી, તા.૩૦

ચંદ્રયાન-૩ મિશનના મહત્વપૂર્ણ ભાગ પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર મજબૂતાઈથી ઊભેલા વિક્રમ લેન્ડરની તસવીર લીધી છે. આ તસવીરને ઈસરોએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરી છે. આ તસવીરને રોવરે પોતાના નેવિગેશન કેમેરા દ્વારા કેદ કરી છે. ચંદ્રની સપાટી પર ટચડાઉન કર્યા બાદ વિક્રમ લેન્ડરથી અલગ થયેલ પ્રજ્ઞાન રોવર છેલ્લા સાત દિવસથી પોતાનું કામ કરી રહ્યું છે. રોવર ચંદ્રની સપાટી પર હાજર તત્વોની શોધ કરી રહ્યું છે. આ દરમિયાન રોવરે સલ્ફર અને ઓક્સિજન ઉપરાંત ઘણા તત્વો શોધી કાઢ્યા છે. આ તત્વોના મિશ્રણથી એ પણ પુષ્ટિ થઈ છે કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીનો બરફ હાજર છે. આનાથી ચંદ્ર પર માનવ વસાહતોની સંભાવના પણ વધી ગઈ છે. પ્રજ્ઞાન રોવર જે તેના મિશનમાં સતત આગળ વધી રહ્યું છે તેણે આજે ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ની સવારે વિક્રમ લેન્ડરની તસવીર ક્લિક કરી છે. ઈસરોએ આ તસવીર પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરી છે. ચંદ્ર મિશનની સફળતા માટે ઈસરોએ રોવરમાં મહત્વપૂર્ણ નવકેમ્સ કેમેરાનો ફિક્સ કર્યો છે. આ અત્યાધુનિક કેમેરા બેંગલુરુમાં ઈલેક્ટ્રો-ઓપ્ટિક્સ સિસ્ટમ પ્રયોગશાળા (લિયોસ) દ્વારા વિકસિત કરવામાં આવ્યા છે. આ કેમેરા રોવરની આંખોની જેમ કામ કરે છે અને પડકારરૂપ ચંદ્ર વિસ્તારને પાર કરતી વખતે તેમનું માર્ગદર્શન કરે છે. તે ચંદ્ર પર રોવરના સુરક્ષિત નેવિગેશનને સુનિશ્ચિત કરીને પથ યોજના અને અવરોધ ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન-૩ મિશન ૨૩ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રની સપાટી પર સફળ લેન્ડિંગ કર્યા બાદ મહત્વપૂર્ણ પ્રગતિ કરી રહ્યું છે. આ મિશને ભારતને ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ચોથો દેશ બનાવી દીધો છે.

પ્રજ્ઞાન રોવર દ્વારા ક્લિક કરવામાં આવેલી વિક્રમ લેન્ડરની તસવીર મિશનમાં એક મહત્વપૂર્ણ મીલનો પત્થર છે. આ માત્ર રોવર અને લેન્ડર વચ્ચેના સફળ સહયોગને જ નથી દર્શાવતું પરંતુ લિયોસ-વિકસિત નવકેમ્સની તકનીકી ક્ષમતાને પણ દર્શાવે છે.

## સ્વામી પ્રસાદ મૌર્યની જીભ કાપી લાવનારને ૧૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત

નવી દિલ્હી, તા.૩૦

ઉત્તર પ્રદેશના સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્યએ ફરી એક વખત વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. ત્યારબાદ રાજ્યમાં રાજકારણ ગરમાયુ છે. સોમવારે સ્વામી પ્રસાદે ટ્વીટર પર લખ્યું હતું કે, બ્રાહ્મણવાદના મૂળ ઊંડા છે અને તે જ આ તમામ પ્રકારની અસમાનતાનું કારણ છે. આ નિવેદન બાદ કોંગ્રેસ નેતા પંડિત ગંગા રામ શર્માએ એક લેટર જારી કર્યો છે. આ લેટરમાં તેમણે સ્વામી પ્રસાદ મૌર્યની જીભ કાપનારને ઈનામ આપવાની ઘોષણા કરી છે. આ ઈનામ પણ ૧૦ લાખ રૂપિયાનું છે.

માનવ અધિકાર વિભાગના જિલ્લા અધ્યક્ષ પંડિત ગંગારામ શર્માએ સપા નેતા સ્વામી પ્રસાદ મોર્ય દ્વારા હિન્દુ ધર્મને અપમાનિત કરીને ધાર્મિક પુસ્તક રામચરિતમાનસની નિંદા કરવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, જરૂર પડવા પર તે પોતાના ધર્મ માટે જીવ પણ આપી દેશે. સપા નેતા દ્વારા શ્રી રામચરિતમાનસ અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કર્યા બાદ કોંગ્રેસ નેતા દ્વારા સપા નેતાની જીભ કાપનારને ઈનામ આપવાનું એલાન કર્યું છે. રામચરિતમાનસ પર સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્ય દ્વારા વારંવાર નિવેદનો આપીને વિવાદ વધારવાનો આરોપ છે.

સ્વામી પ્રસાદે રામચરિતમાનસમાં દલિતો અને મહિલાઓ વિશે વાત કરીને આરોપ લગાવ્યો કે, તુલસીદાસે આ પુસ્તક માત્ર પોતાના આનંદ માટે લખ્યું હતું. મુરાદાબાદ જિલ્લામાં જિલ્લા કોંગ્રેસ કમિટિના માનવ અધિકાર વિભાગના અધ્યક્ષ ગંગારામ શર્માનો લેટર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. સ્વામી પ્રસાદ મૌર્ય દ્વારા હિંદુ ધર્મને લઈને આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન પર કોંગ્રેસના માનવ અધિકારના જિલ્લા અધ્યક્ષે વિવાદાસ્પદ પત્ર જારી કર્યો છે. કોંગ્રસ નેતા પંડિત ગંગારામે કહ્યું કે, સ્વામી પ્રસાદ મૌર્ય માત્ર તુલસીદાસનું જ નહીં પરંતુ રામચરિતમાનસ અને હિન્દુ ધર્મનું અપમાન કરી રહ્યા છે. હિંદુ ધર્મના અપમાનથી વ્યથિત કોંગ્રેસ નેતાએ સપા નેતા સ્વામી પ્રસાદ મૌર્યના અપશબ્દોને રોકવા માટે આ લેટર જારી કર્યો છે. બીજી તરફ આ સમગ્ર પ્રકરણ પર જિલ્લા અધ્યક્ષ અસલમનું કહેવું છે કે, કોંગ્રેસ નેતાનું નિવેદન તેમનું અંગત નિવેદન છે. પાર્ટીને આ નિવેદન સાથે કોઈ લેવાદેવા નથી.

### માયાવતીએ ગઠબંધનોમાં સામેલ થવાની અટકળો ફગાવી

## લોકસભા-વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવાની માયાવતીની જાહેરાત

### એનડીએ અને ઈન્ડિયા ગઠબંધન ગરીબ વિરોધી, જાતિવાદી, સાંપ્રદાયિક મૂડીવાદી નીતિઓ ધરાવતી પાર્ટીઓ : માયાવતી

લખનઊ, તા.૩૦

માયાવતીએ બીએસપી વિપક્ષી પાર્ટીઓના ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ થવાની અટકળોને ફગાવી દીધી છે. બીએસપી સુપ્રીમોએ સ્પષ્ટ કર્યું છે કે, તેમની પાર્ટી આગામી લોકસભા ચૂંટણી અને આગામી વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડશે.

એવી અટકળો ચાલી રહી હતી કે, બીએસપી ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ થઈ શકે છે અને તેના માટે સંપૂર્ણ કાવતરું પણ કરવામાં આવી રહ્યું છે. યુપીમાં કોંગ્રેસે દલિત સમુદાયમાંથી આવતા બ્રિજલાલ ખબરીને હટાવ્યા હતા, જેના કારણે એવો મેસેજ આવ્યો હતો કે માયાવતીને આરામદાયક લાગે તે માટે તેમણે ખબરીને હટાવીને યુપીની કમાન અજયને સોંપી દીધી છે. રાયને એવું ન લાગે કે એક તરફ કોંગ્રેસ તેમને મહાગઠબંધનમાં સામેલ કરવા માંગે છે અને બીજી તરફ તેણે યુપીમાં દલિત સમુદાયમાંથી આવતા એક નેતાને કમાન પણ આપી દીધી છે. જો કે, હવે માયાવતીએ ટ્વીટ કરીને આવી તમામ અટકળોને ફગાવી દીધી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું કે, એનડીએ અને ઈન્ડિયા ગઠબંધન મોટાભાગે ગરીબ વિરોધી, જાતિવાદી, સાંપ્રદાયિક મૂડીવાદી નીતિઓ ધરાવતી પાર્ટીઓ છે, જેમની નીતિઓ સામે ભાજપ સતત લડે છે. એટલા માટે તેમની સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડવાનો પ્રશ્ન જ નથી.



જમાલપુરની હિંદુ અને મુસ્લિમ મહિલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટેચ્યુને રાખડી બાંધી હતી

## તંત્રી લેખ

# સ્વર્ણિમ સફળતા

વર્લ્ડ એથલેટિક્સમાં નીરજ ચોપડાની સ્વર્ણિમ જીતને હંમેશાં યાદ રાખવામાં આવશે અને તેનાથી બીજા ભારતીય ખેલાડીઓ પણ હંમેશાં પ્રેરણા લેશે. ગોલ્ડ જીતવા માટે ૮૮.૧૭ મીટર ભાલો ફેંકીને નીરજે ભારતનું માથું ગર્વથી ઊંચું કરી દીધું છે. ઓલિમ્પિકમાં ભારતને સુવર્ણ અપાવનાર નીરજ ચોપડાએ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ પોતાના નામનો ડંકો વગાડીને સાબિત કરી દીધું છે કે ભાલા ફેંક પ્રતિસ્પર્ધામાં તેની સફળતાનો કોઈ તોડ નથી. એવું હંમેશાં જોવામાં આવ્યું છે કે ભારતીય ખેલાડીઓ એકાદ સારા પ્રદર્શન બાદ ધીમે ધીમે નેપથ્યમાં ચાલ્યા જાય છે, પરંતુ નીરજની ખાસિયત છે કે ઓલિમ્પિક સુવર્ણ બાદ પણ તેની ભૂખ શાંત નથી થઈ. તે પોતાનો ઓલિમ્પિક સુવર્ણ લઈને હવામાં નથી ઊડી રહ્યો. તેના પગ આજે પણ જમીન પર છે અને એટલે જ્યારે તે ભાલો ફેંકે છે ત્યારે તે દૂર સુધી જાય છે. ધ્યાન રહે, ક્ષમતા અને તૈયારીને કારણે નીરજમાં બહેતરથી બહેતર પ્રદર્શનની અસીમ ગુંજાશ છે. બુડાપેસ્ટમાં સુવર્ણ માટે તેણે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નથી કર્યું. તે ઓછામાં ઓછી ત્રણ વખત ૮૯ મીટરથી વધારે દૂર ભાલો ફેંકી ચૂક્યો છે. મતલબ જો મોકો મળશે તો તે ૯૦ મીટરનું અંતર પણ પાર કરી શકશે.

નીરજ સફળતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની ગયો છે. તેણે એક સમયે પોતાની સ્થૂળતા ઓછી કરવા માટે ભાલો ફેંકવાનું શરૂ કર્યું હતું અને આજે તેની નાનકડી કોશિશ મોટી સફળતાનું રૂપ લઈ ચૂકી છે. એક-બે વાતો ધ્યાન આપવા જેવી છે. એક તો હાલમાં દુનિયામાં એવા ખેલાડી પણ છે જેઓ નીરજથી પણ વધુ દૂર સુધી ભાલો ફેંકી ચૂક્યા છે. દાખલા તરીકે વિશ્વ ચેમ્પિયનશિપમાં રજત પદક જીતનારા પાકિસ્તાનના અરશદ નદીમ એ કાંસ્ય પદક જીતનારા ચેક ગણરાજ્યના યાકુબ વાલ્દેચ તો ૯૦ મીટર સુધી ભાલો ફેંકી ચૂક્યા છે, પરંતુ બુડાપેસ્ટમાં બંને ખેલાડી ૮૮ મીટરની સીમા પણ પાર ન કરી શક્યા. જો નીરજ એમ માનીને ચાલે કે તેનો મુકાબલો તો એવા ખેલાડીઓ સાથે છે જેમણે તેના કરતાં વધુ દૂર સુધી ભાલો ફેંક્યો છે, તો તે હતોત્સાહિત થઈ જાય. પોતાની ક્ષમતા કે તુલનાત્મક રૂપે કેટલાક કમતર રેકોર્ડ છતાં નીરજમાં મુકાબલા માટે જે જુસ્સો છે તે લાજવાબ છે. તેનામાં કોઈપણ પ્રતિદ્વંદ્વી પ્રત્યે ભયનો ભાવ નથી. તે નિરંતર અભ્યાસમાં જોડાયેલો રહે છે, દુનિયામાં જ્યાં પણ પહોંચીને તે પોતાનું પ્રદર્શન સુધારી શકે છે, પૂરતા મનોયોગથી તે એવું કરે છે. એમાં બેમત નહીં કે ભારતીય ખેલાડીઓએ વિશ્વ સ્તર પર કેટલીય વાર આખરી પળમાં દબાણમાં આવીને પદક ગુમાવ્યો છે. જો આપણા ખેલાડી દબાણમાં આવવાને બદલે પોતાનું ધ્યાન માત્ર પોતાના પ્રદર્શનના સુધાર પર લગાવે, તો ભારત રમતની દુનિયામાં એ ચમક હાંસલ કરી શકે છે, જેનું તે ખરેખર હકદાર છે. બેશક, ભારતમાં ખેલ સુવિધાઓ અને પ્રશિક્ષણનો વિસ્તાર થયો છે, પરંતુ વાસ્તવમાં નીરજ ચોપડાનો સુવર્ણ હોય કે અભિનવ બિંદ્રાનો સુવર્ણ, બંને પાછળ વ્યક્તિગત મહેનત, લગન અને ઝનૂનનું યોગદાન સર્વાધિક છે. ભારતીય ખેલાડીઓએ વિશ્વ સ્તર પર વાજબી સ્થાન મેળવવા માટે હજુ લાંબી મજલ ખેડવાની છે. વિશ્વ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારત એકમાત્ર નીરજ ચોપડાના સુવર્ણ પદક સાથે ૧૮મા સ્થાન પર રહ્યું છે. મતલબ, રમતની દુનિયામાં આપણે નીરજ જેવા અનેક મેદાનવીરો સાથે ઉતરવાની જરૂર છે.

# ચીનમાં જાપાની દૂતાવાસ-સ્કૂલો ઉપર પથ્થરમારો

બિજિંગ, તા.૩૦

જાપાન અને ચીન વચ્ચેની તકરાર દિવસને દિવસે વધારે ગંભીર બની રહી છે. જાપાન અને ચીન વચ્ચેની દુશ્મની દાયકાઓ જૂની છે. તેમા પણ જાપાને પોતાના ફુકુશીમા રિએકટરમાંથી રેડિઓએક્ટિવ પદાર્થોવાળુ ઝેરી પાણી દરિયામાં છોડ્યા બાદ ચીન વધારે અકળાયુ છે. ચીન તરફથી જાપાનના પાણી છોડવા સામે વિરોધ નોંધાવાયો હતો. જાપાનને ચીનમાંથી ધમકી આપતા કોલ્સ પણ મળ્યા હતા . જોકે ૨૪ ઓગસ્ટથી જાપાને પાણી છોડવાનુ શરુ કરી દીધુ છે. જેના પ્રત્યાઘાત રૂપે ચીનમાં મોજૂદ જાપાનના દૂતાવાસ તેમજ સ્કૂલો પર હુમલા થયા છે. પથ્થરો ફેંકવાની ઘટના પણ બની છે અને તેની સામે જાપાનના પીએમ ફુમિયો કિશિદાએ નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યુ છે કે, ચીનમાં અમારા દૂતાવાસ તેમજ સ્કૂલો પર પથ્થરો ફેંકવામાં આવ્યા છે. હું આ પ્રકારના હુમલાની નિંદા કરુ છું. અમે ચીનના જાપાન સ્થિત રાજદૂતને તલબ કર્યા છે. ચીન પોતાના નાગરિકોને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરે. બીજી તરફ જાપાનના ચીન સ્થિત દૂતાવાસની સુરક્ષા આ ઘટના બાદ વધારી દેવામાં આવી છે.

# યુક્રેને કરેલા ડ્રોન હુમલામાં એરપોર્ટ પરના પ્લેન બરબાદ

મોસ્કો, તા.૩૦



રશિયામાં સ્થિત પેસ્કોવ એરપોર્ટ પર ડ્રોન હુમલો થયો છે, જે એસ્ટોનિયાની બૉર્ડર નજીક છે. આ વાતની જાણકારી સ્થાનિક ગવર્નર મિખાઈલ વેડેર્નિકોવે આજે આપી છે. તેમણે કહ્યું કે, ડ્રોન હુમલાના કારણે એરપોર્ટ પર ઉભેલા પ્લેન બરબાદ થઈ ગયા. પેસ્કોવના ગવર્નર હુમલાના સ્થાન પર હાજર હતા, તેમણે હુમલા સાથે જોડાયેલો એક વીડિયો ટેલીગ્રામ પર પોસ્ટ કર્યો. એક અહેવાલ અનુસાર, ગવર્નર મિખાઈલ વેડેર્નિકોવે જણાવ્યું કે, અમે પેસ્કોવ એરપોર્ટ પર ડ્રોન હુમલાને વિફલ કરી દીધો છે. તેમણે કહ્યું કે, અધિકારી નુકસાનનું આંકલન કરી રહ્યા છે પણ કોઈ જાનહાનીના સમાચાર નથી. પેસ્કોવ યૂક્રેનની સરહદથી લગભગ ૮૦૦ કિલોમીટર દૂર સ્થિત છે. તેની આસપાસના વિસ્તાર યૂરોપીય સંઘના સભ્ય દેશો લાતવિયા અને એસ્ટોનિયાની સરહદોથી ઘેરાયેલા છે. રશિયાના રક્ષા મંત્રાલય તરફથી કોઈ ટિપ્પણી નહોતી કરાઈ. જો કે, તેમણે જણાવ્યું કે, આ ડ્રોન હુમલામાં ૪ પ્લેન ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે. ગવર્નર મિખાઈલ વેડેર્નિકોવે લખ્યું કે, જ્યાં સુધી રનવેના સંભવિત નુકસાનનું આંકલન ન કરવામાં આવે ત્યાં સુધી એરપોર્ટ પર બુધવારની તમામ ઉડાનો રદ કરી દેવામાં આવી છે. યૂક્રેને તાજેતરના સપ્તાહોમાં મૉસ્કો સહિત અન્ય રશિયન વિસ્તારોમાં ડ્રોન હુમલાનો વરસાદ કરી દીધો છે. કીવે સમ ખાધા છે કે તે રૂસને યુદ્ધ ખતમ કરવા માટે મજબૂર કરી દેશે. જ્યારે રશિયાએ એરપોર્ટ હુમલા બાદ જાણકારી આપી કે તેમના એર ફોર્સના જવાનોએ બ્લેક સીમાં ૪ યૂક્રેની જહાજને પોતાનું નિશાન બનાવ્યા. આ ૪ જહાજોમાં કુલ ૫૦ યૂક્રેની સૈનિક હાજર હતા. રૂસી રક્ષા મંત્રાલયે ટેલીગ્રામ પર લખ્યું કે મૉસ્કોના સમય અનુસાર અડધી રાત્રે ની આસપાસ એક પ્લેને ૪ હાઈ સ્પીડવાળી આર્મી બોટને બર્બાદ કરી દીધી.

# અમારી સરકારે ચૂંટણી વચનો ૧૦૦ દિવસમાં પૂરા કર્યા : રાહુલ ગાંધી

મૈસુર, તા.૩૦

કર્ણાટકના મૈસુરમાં રાહુલ ગાંધીએ આજે રાજ્ય સરકારની ગૃહ લક્ષ્મી યોજના શરુ કરાવી હતી.

આ કાર્યક્રમમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલ અને રણદીપ સુરજેવાલા ઉપસ્થિત રહ્યા છે. આ પ્રસંગે રાહુલ ગાંધીએ કહ્યું કે અમારી સરકારે ૧૦૦ દિવસમાં જ ચૂંટણીમાં આપેલા વચનો પૂર્ણ કર્યા છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું, 'અમે તમને કહ્યું હતું કે ચૂંટણી બાદ કર્ણાટકમાં મહિલાઓને બસમાં મુસાફરી કરવા માટે કંઈ ચૂકવવું પડશે નહીં. આ યોજનાને 'શક્તિ' નામ આપવામાં આવ્યું અને અમે તેને પૂર્ણ કરી છે. આ સિવાયની અમારી પાંચ યોજનાઓ જુઓ જેમાં એકને છોડીને બાકીની ચાર યોજનાઓ મહિલાઓ માટે બનાવવામાં આવી છે. આની પાછળ ઊંડો વિચાર છે. કર્ણાટક સરકારે ૧.૧ કરોડ મહિલાઓને ૨,૦૦૦ રૂપિયાની માસિક સહાય આપવા માટે 'ગૃહ લક્ષ્મી' યોજના શરૂ કરી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ડીબીટી દ્વારા ગૃહ લક્ષ્મી યોજનાના લાભાર્થીઓના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરી હતી. આ યોજના કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં શરૂ કરવામાં આવી હતી.

# મ.પ્ર.ના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ સામે એફઆઈઆર દાખલ

ભોપાલ, તા.૩૦

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવેલા પોસ્ટ પર હંગામો થયા બાદ હવે તેમની વિરુદ્ધ દમોહ કોતવાલીમાં વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ગઈકાલે રાત્રે બજરંગ દળના સભ્યો કોતવાલી પહોંચ્યા અને ફરિયાદ અરજી આપી, ત્યારબાદ પોલીસે દિગ્વિજય સિંહ વિરુદ્ધ કલમ ૧૫૩-એ, ૧૭૭, ૫૦૫ (૨) હેઠળ કેસ નોંધ્યો હતો.

દમોહના સીએસપી અભિષેક તિવારીએ જણાવ્યું કે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સંયોજક શંભુ વિશ્વકર્માએ સોશિયલ મીડિયા સાઇટ એક્સ(ટ્વિટર) પર દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવેલી પોસ્ટ અંગે ફરિયાદ નોંધાવ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલાની તપાસ કરવામાં આવી હતી જે તથ્યહીન હોવાનું બહાર આવ્યું હતું, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ પૂર્વ મુખ્યમંત્રીની ધરપકડ અંગે તેમણે જણાવ્યું કે આ સોશિયલ મીડિયા એકાઉન્ટ કોના દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું અને તેનો સ્રોત શું હતો તે બાબતની તપાસ કરવામાં આવી રહી છે.

પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ દ્વારા ૨૮ ઓગસ્ટના રોજ તેમના એક્સ(ટ્વિટર) એકાઉન્ટ પરથી એક ટ્વીટ કરવામાં આવી હતી, જેમાં તેમણે લખ્યું હતું કે દેશના સૌથી ભવ્ય મંદિરોમાંથી એક શ્રી દિગંબર જૈન સિદ્ધ ક્ષેત્ર કુંડલપુર સંકુલ દ્વારા ખોલવામાં આવ્યું છે. આચાર્ય વિદ્યાસાગર મહારાજ ગત રાત્રિથી.બજરંગ દળના કથિત અસામાજિક તત્વોએ શિવજીની પિંડી રાખી દુષ્કર્મ શરૂ કર્યું છે. પરિસ્થિતિ ગમે ત્યારે ગંભીર વળાંક લઈ શકે છે, આ ગંભીર બાબત છે, વહીવટી તંત્રએ તાત્કાલિક પગલાં લેવા જોઈએ. દિગ્વિજય સિંહની સોશિયલ મીડિયા પોસ્ટ બાદ સ્થિતિ વધુ ખરાબ થાય તે પહેલા દમોહમાં મામલાની તપાસ કરવામાં આવી હતી.

### યુવતી અને યુવકના ફોટા પાડી બ્લેકમેઈલ કરતા

# વડોદરામાં કોમવાદ ફેલાવતો વીડિયો બનાવનાર ૩ની ધરપકડ

વડોદરા, તા.૨૯

વડોદરામાં કોમી વૈમનસ્ય ફેલાય તેવો વીડિયો બનાવવા મુદ્દે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ત્રણ યુવકોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જે તમામે થોડા સમય અગાઉ યુવતી સાથે ફરતા એક યુવકનો કોલર પકડીને નામ પૂછી ઉશ્કેરાટ થાય તેવો વીડિયો બનાવ્યો હતો. જે બાદ વીડિયો વાયરલ થતાં સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. જે તપાસ બાદ પોલીસ ત્રણ આરોપીઓને દબોચી લીધા છે.

પોલીસે સમગ્ર બાબતની ઉંડાણ પૂર્વક તપાસ હાથ ધરતા અનેક ખુલાસાઓ થયા છે. સમગ્ર મામલે ડીસીપી અભય સોનીએ જણાવ્યું કે, આ આરોપી વોટ્સએપમાં ગ્રૂપ ચલાવતા હતા, જે માધ્યમથી તેમને જાણ થતી કે બે અલગ અલગ ધર્મના યુવક યુવતી સાથે ફરી રહ્યાં છે. ત્યાર બાદ તે યુવતી અને યુવકના ફોટા પાડી લેતા હતા, ત્યારબાદ બ્લેકમેઈલ કરતા હતા.

ડીસીપી અભય સોનીએ જણાવ્યું કે, વોટ્સએપ ગ્રૂપ ચલાવતા ત્રણય ગ્રૂપ એડમિનની ધરપકડ કરી છે તેમજ અન્ય લોકોની પણ પૂછપરછ હાથ ધરી છે. વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, આ યુવાનોની આખી ટીમ છે જે યુવતીઓ પર નજર રાખતી હતી. ત્યારબાદ તેમને જાણ થતી કે, બે અલગ અલગ ધર્મના યુવક યુવતી સાથે બેઠેલા છે તો તેઓ તરત ત્યાં પહોંચી જતા અને ફોટો વીડિયો લઈ હોબાળો પણ મચાવતા હતા. પરિવારને વીડિયો બતાવી વાયરલ કરવાની ધમકીઓ પણ આપતા હતા. અભય સોનીએ જણાવ્યું કે, આ આરોપીઓ એક ગ્રુપ બનાવીને તેને ફક્ત ૪ મહિના જ એક્ટિવ રાખતાં હતા, ત્યારબાદ ડિલિટ કરી નાખતાં હતા. બાદમાં નવું ગ્રુપ બનાવી ફરીથી કોમી વૈમનસ્ય ફેલાય તેવા વીડિયો નાખતાં હતા. તેઓ મોબ લિન્ચિંગ પણ કરતા હતાં. રમખાણો થાય, કોમી ભડકો થાય તેવી પ્રવૃત્તિ પણ કરતા હતા.

શહેરના અકોટા વિસ્તારમાં એક આઈસક્રીમની દુકાનમાં બે માસ અગાઉ યુવક-યુવતી બેઠા હતા. આ ટીમના કેટલાક યુવકો તેમની પાસે આવ્યા હતા અને ડાયરેક્ટ યુવકનો કોલર પકડી લીધો હતો. ત્યારબાદ આ તમામે યુવકને તેનું નામ અને સરનામું પૂછ્યું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ તેઓએ બનાવ્યો હતો. જે બાદ તેઓએ યુવક-યુવતીને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું અને વીડિયો વાયરલ કરી દીધો હતો .

# નોરા ફતેહીએ બોલિવૂડ ફિલ્મ મેકર્સ પર માર્યો ટોણો

મુંબઈ, તા.૨૯

નોરા ફતેહીએ હાલમાં જ તેની કારકિર્દી અને ફિલ્મ ઉદ્યોગના કેટલાક ખરાબ અનુભવો વિશે વાત કરી હતી. નોરા ફતેહી માને છે કે, મુખ્ય ભૂમિકામાં તેને કાસ્ટ ન કરવાનું કારણ તેના ડાન્સ કરવાની પ્રતીભા નથી, પરંતુ મોટા ભાગના ફિલ્મ નિર્માતાઓ તેમની ફિલ્મોમાં તેમના પસંદગીની એક્ટ્રેસને વારંવાર કાસ્ટ કરી રહ્યા છે, જેના કારણે તેણીને સારી તક મળી રહી નથી. નોરા ફતેહીએ ૨૦૧૪માં આવેલી ફિલ્મ 'રોરઃ ટાઈગર્સ ઓફ ધ સુંદરબન'થી પોતાના અભિનયની કારકીર્દીની શરૂઆત કરી હતી, જોકે, તે 'ઓ સાકી સાકી' અને 'માનિકે' જેવા ગીતોમાં તેના ડાન્સ મૂવ્સથી પ્રખ્યાત થઈ હતી. નોરાએ કોઈનું નામ લીધા વિના કહ્યું કે, તેને લીડ રોલ મળતો નથી કારણ કે, ફિલ્મ નિર્માતાઓ માત્ર જાણીતા ચહેરાઓને જ તક આપતા હોય છે, અને નવી ચહેરો શોધતા નથી. નોરા ફતેહીએ જણાવ્યું હતુ કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર માત્ર થોડી જ અભિનેત્રીઓ રાજ કરી રહી છે અને ફિલ્મ મેકર્સ પણ તેના સિવાય કોઈની તરફ ધ્યાન આપતા નથી. અભિનેત્રી નોરાએ ફિલ્મ ઉદ્યોગમાં કઠિન સ્પર્ધાનો ઉલ્લેખ કર્યો, જ્યાં દર વર્ષે મર્યાદિત સંખ્યામાં જ ફિલ્મો બને છે. નોરા ફતેહી આગામી તેલુગુ ફિલ્મ 'ફ૧૪'માં જોવા મળશે, જેમાં તે વરુણ તેજ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. વરુણ તેજના કરિયરની આ સૌથી મોંઘી ફિલ્મ માનવામાં આવી રહી છે. નોરા ફતેહીને 'બાહુબલીઃ ધ બિગનિંગ' અને 'કિક ૨' જેવી ફિલ્મોમાં આઈટમ સોંગના કારણે લોકપ્રિયતા મળી હતી. વર્ષ ૨૦૧૫માં તેણે 'બિગ બોસ ૯'માં સ્પર્ધક તરીકે પણ ભાગ લીધો હતો. ૩૧ વર્ષની નોરા ફતેહીએ રિયાલિટી ડાન્સ શો 'ઝલક દિખલા જા'માં સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો. તે 'ડાન્સ દીવાને જુનિયર્સ' અને 'ઝલક દિખલા જા' જેવા શોમાં જજ પણ રહી ચૂકી છે.

# દેશની ૧૦ પ્રખ્યાત કોલેજો જ્યાં બોલિવૂડ ફિલ્મોનું શૂટિંગ થયું છે

મુંબઈ, તા.૨૯

મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજનું કેમ્પસ બોલિવૂડની ઘણી ફિલ્મો અને એડમાં જોવા મળે છે. 'જાને તુ યા જાને ના' થી લઈને 'કુછ કુછ હોતા હૈ' સુધીની ફિલ્મો અહી શૂટ કરવામાં આવી છે. IIM બેંગ્લોરમાં પણ ઘણી ફિલ્મોનું શૂટિંગ થઈ ચુક્યું છે. જેમાં આમિર ખાન, આર. માધવન અને શરમન જોશીની સુપરહિટ ફિલ્મ ૩ ઈડિયટ્સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨ સ્ટેટ્સનું શૂટિંગ પણ IIM અમદાવાદના કેમ્પસમાં થયું હતુ. રણબીર કપૂર અને નરગીસ ફખરીની સુપરહિટ ફિલ્મ રોકસ્ટાર ફિલ્મનું શૂટિંગ દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાં થયું છે. જોકે, તેના કેટલાક દ્રશ્યો સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં પણ શૂટ કરવામાં આવ્યા હતા. દેહરાદૂન સ્થિત ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પણ ઘણી ફિલ્મોમાં જોવા મળી છે. તેમાં કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર પણ સામેલ છે. આ સિવાય 'ક્રિષ્ના કોટેજ', 'રહેના હૈ તેરે દિલ મેં' અને 'પાન સિંહ તોમર'નું શૂટિંગ પણ અહીં થયું છે. બોલિવૂડ સ્ટાર સલમાન ખાનની ફિલ્મ બોડીગાર્ડનું શૂટિંગ પૂણેની સિમ્બાયોસિસ યુનિવર્સિટીના કેમ્પસમાં થયું છે.

# બલ્ગેરિયાના માર્કેટમાં લોકો ફરીને પોતાના માટે પત્ની ખરીદે છે

નવી દિલ્હી, તા.૨૯

આજ સુધી તમે ઘણા પ્રકારના બજારો જોયા હશે. શાક માર્કેટ, કાપડ માર્કેટ, અનાજનું માર્કેટ, પરંતુ શું તમે ક્યારેય દુલ્હનના બજાર વિશે સાંભળ્યું છે? તમે વિચારતા હશો કે આવું ક્યાં બને છે? શું આજના સમયમાં મહિલાઓને વેચવાની પણ છૂટ છે?

તો ચાલો તમને જણાવી દઈએ કે અમે મજાક નથી કરી રહ્યા. બલ્ગેરિયામાં એક એવી જગ્યા છે જ્યાં દુલ્હન બજાર બિલકુલ કાયદેસર છે. હા, આ માર્કેટમાં લોકો ફરીને પોતાના માટે પત્ની ખરીદે છે. અમે વાત કરી રહ્યા છીએ બલ્ગેરિયાના એવા માર્કેટની જ્યાં દુલ્હન વેચાય છે. આ દુલ્હનનું બજાર બુલ્ગારિયામાં સ્તારા જાગોર નામની જગ્યા પર આવેલું છે. પુરુષ પોતાના પરિવાર સાથે આ જગ્યાએ આવે છે અને પોતાની પસંદગીની યુવતી પસંદ કરે છે. જે યુવતી યુવકને પસંદ પડે છે, તેના માટે સોદાબાજી કરવામાં આવે છે. જ્યારે યુવતીના પરિવારજનોને આપવામાં આવતી કિંમતથી સંતોષ થાય છે, ત્યારે તે કિંમત પર તેમની પુત્રીને યુવકને સોંપવામાં આવે છે.

# દુબઈમાં જવાનનું ટ્રેલર લોન્ચ કરવા પહોંચ્યો શાહરુખ

## શાહરૂખ ખાન તેની ફિલ્મ જવાનને લઈને ચર્ચામાં છે, આ ફિલ્મ ૭ સપ્ટેમ્બરે રિલીઝ થવા માટે તૈયાર છે



મુંબઈ, તા.૨૯

શાહરૂખ ખાન તેની ફિલ્મ જવાનને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ ૭ સપ્ટેમ્બરે રિલીઝ થવા માટે તૈયાર છે. એટલી દ્વારા નિર્દેશિત મોસ્ટ અવેટેડ ફિલ્મનું ટ્રેલર ૩૧ ઓગસ્ટે રિલીઝ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેલર લોન્ચ માટે શાહરૂખ ખાન દુબઈમાં એક મેગા ઈવેન્ટમાં હાજરી આપી શકે છે.

શાહરૂખ ખાને પોતે પોતાના X (Twitter) એકાઉન્ટ પર માહિતી આપી છે કે તે 'જવાન'ના ટ્રેલર લોન્ચ માટે દુબઈ જઈ રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેલર લૉન્ચ ઈવેન્ટ માટે ટિકિટ બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. જો કે આ સમાચાર અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. શાહરૂખ ખાને લખ્યું- ' હું તમારી સાથે જવાનના જશ્નની ઉજવણી ન કરું તે શક્ય નથી. ૩૧મી ઓગસ્ટે રાત્રે ૯ વાગે બુર્જ ખલીફા પર આવી રહ્યો છું, મારી સાથે જવાનની ઉજવણી કરો. કારણ કે પ્રેમ એ દુનિયાની સૌથી સુંદર લાગણી છે, તો પ્રેમના રંગમાં રંગાઈ જાઓ શું કહો છો? તૈયાર!' જણાવી દઈએ કે 'જવાન' શાહરૂખ ખાનની આ વર્ષની બીજી ફિલ્મ છે. આ વર્ષની શરૂઆતમાં 'પઠાણ' રિલીઝ થઈ હતી,

જેણે બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડ્યા હતા અને ઘણી કમાણી પણ કરી હતી. હવે 'જવાન' મોટા પડદા પર ધમાલ મચાવવા માટે તૈયાર છે અને દર્શકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. નયનતારા 'જવાન'માં શાહરૂખ ખાન સાથે લીડ રોલમાં જોવા મળશે. આ સિવાય ફિલ્મમાં પ્રિયમણી, સાન્યા મલ્હોત્રા, રિદ્ધિ ડોગરા અને વિજય સેતુપતિ પણ જોવા મળશે. ફિલ્મમાં દીપિકા પાદુકોણના કેમિયોના પણ સમાચાર છે. હાલમાં ફિલ્મના બે ગીત 'જિંદા બંદા' અને 'ચલેયા' રિલીઝ થયા છે, જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યા છે. ફેન્સને શાહરૂખ ખાનના હૂક સ્ટેપ્સ અને નયનતારા સાથેની કેમેસ્ટ્રી ખૂબ જ પસંદ આવી રહી છે. જવાન' રિલીઝ થયા બાદ શાહરૂખ ખાન તેની આગામી ફિલ્મ 'ડંકી'માં જોવા મળશે.આ ફિલ્મ આ વર્ષે ડિસેમ્બરમાં રિલીઝ થશે. તાપસી પન્નુ પણ રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત ફિલ્મ ડંકીમાં શાહરૂખ ખાન સાથે જોવા મળશે.

### અમદાવાદમાં પોલીસ તંત્રમાં ધરખમ ફેરફાર

# શહેરના ૫૧ પીઆઈની એક સાથે બદલીથી પોલીસ તંત્રમાં સોંપો પડી ગયો

## શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકના આદેશથી એક જ સ્થાને ત્રણ વર્ષથી ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોને વિદાય આપી દેવામાં આવી

અમદાવાદ, તા.૨૯

શહેરમાં પોલીસ બેડામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ તંત્રમાં બદલીનો ગંજીફો ચીપાયો છે. એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોની બદલીથી સમગ્ર બેડામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકના આદેશથી એક જ સ્થાને ત્રણ વર્ષથી ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. શહેરમાં કંટ્રોલ રૂમ, સાયબર ક્રાઈમ, ટ્રાફિક, ક્રાઈમ બ્રાંચ સહિતના વિભાગોમાંથી ઈન્સ્પેક્ટરોની બદલી કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ પોલીસ કમિશ્નર બન્યા બાદ જી.એસ. મલિકે મોટા પાયે ફેરબદલીનો આદેશ કર્યો છે. શહેરમાં એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોની બદલી કરી દેતાં સમગ્ર તંત્રમાં સોંપો પડી ગયો છે. તે ઉપરાંત લિવરિઝર્વમાં રહેલા ૨૮ ઈન્સપેક્ટરોને નિમણૂંક આપવામાં આવી છે. જ્યારે ૧૫૦ ઈન્સ્પેક્ટરના સ્ટ્રેન્થમાં ત્રીજા ભાગના ઈન્સ્પેક્ટરો બદલીના હુકમોમાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી એક જ સ્થાન પર ચીપકી ગયેલા ઈન્સ્પેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. હવે આગામી દિવસોમાં ફોજદારી બદલીનો લીથો બહાર પડશે.

# બાપુનગર વિસ્તામાંથી એક સાથે પાંચ મિત્રો ગુમ થયા

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરનાં બાપુનગર વિસ્તારમાંથી ૫ મિત્રો શુક્રવારે સવારે શાળાએ જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. પરંતુ સ્કૂલનો સમય પૂર્ણ થવા છતાં બાળકો ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. બાળકોની કોઈ ભાળ ન મળતા પરિવારજનો દ્વારા આ અંગે બાપુનગર પોલીસને જાણ કરતા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરનાં પૂર્વ વિસ્તારમાં બાપુનગર ખાતે રહેતા પાંચ મિત્ર સવારે શાળાએ જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. ત્યારે તેમાં એક પરિવારનો બાળક ધો. ૯ માં અભ્યાસ કરે છે. સગીર રોજનાં સમય મુજબ સ્કૂલેથી ઘરે સમયસર પરત ન ફરતા પરિવારજનો દ્વારા સગા સબંધીને ત્યાં શોધખોળ કરી હતી. પરંતુ બાળકોની કોઈ ભાળ મળવા પામી ન હતી. જે બાદ પરિવારજનો દ્વારા તેનાં મિત્રોને ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેનાં ચાર મિત્રો પણ સ્કૂલે ગયા બાદ પરત આવ્યા નથી. એક સાથે પાંચ સગીરો ગુમ થતા પરિવારજનો ચિંતામાં મુકાઈ જવા પામ્યા હતા.

પાંચેય સગીરનાં વિદ્યાર્થીઓ એક સાથે ગુમ થતા પરિવારજનોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યારે બાળકોનાં પરિવારજનો દ્વારા એસ ટી સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન સહિતની જગ્યાઓએ સગીરોની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેઓની ક્યાંય ભાળ મળવા પામી ન હતી. બાળકો બે દિવસ વીતવા છતાં પણ પરત ઘરે ન આવતા આ બાબતે એક સગીર બાળકની માતાએ બાપુનગર પોલીસ મથકે આ બાબતે જાણ કરી હતી. જે બાદ બાપુનગર પોલીસે હાલ તો અપહરણનો ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ પાંચેય બાળકોને ભણવામાં કોઈ રૂચી ન હતી. તેવું પરિવાજનોનું માનવું છે.

# રાજકોટ શહેર તહેવાર સમયે જ રોગચાળાના ભરડામાં

રાજકોટ, તા.૨૯

રાજકોટ રોગચાળાના ભરડામાં આવ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. રાજકોટમાં રોગચાળાની રંજાડને પગલે ઘરે ઘરે માંદગીના ખાટલા પથરાયાં છે. ત્યારે શહેરમાં વધી રહેલા રોગચાળાને પગલે હવે ફોગિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ લારવા માછલીઓનો ઉપયોગ અને પાણી ભરાયેલા સ્થળે દવા છાંટવાની કામગીરી કરવામાં આવી રહી છે. વરસાદ ખેંચાતા હવે રોગચાળો માથુ ઉચકી રહ્યો છે. એક તરફ તહેવારોની સિઝન છે ત્યાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માઝા મુકી છે. રોગચાળો વકરતા રાજકોટની સરકારી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ છે. તહેવાર સમયે જ રોગચાળાના ભરડામાં શહેર આવતા ઘરે ઘરે માંદગીના ખાટલા પથરાયા છે. પાછલા એક સપ્તાહના રોગચાળાના આંકડા પર નજર કરીએ તો ડેન્ગ્યુના ૪૭ કેસ, શરદી-ઉધરસના ૫૨૮ કેસ, સામાન્ય તાવના ૫૦ કેસ, ઝાડા-ઉલટીના ૨૪૨ કેસ અને કમળાના ૨ કેસ નોંધાયા છે. અધિકારીઓનો દાવો છે કે ઘરના સ્વચ્છ પાણીના પગલે ડેન્ગ્યુ જેવા રોગોએ માથુ ઉચક્યું છે.રાજકોટમાં ચાલુ સિઝનમાં નોંધાયેલા રોગચાળાના આંકડા પર નજર કરીએ તો ડેન્ગ્યુના અત્યાર સુધી કુલ ૪૭ કેસ નોંધાયા છે ચિકનગુનિયાના ૮ કેસ શરદી-ઉધરસના ૧૦ હજાર, સામાન્ય તાવના ૧,૩૯૨ કેસ, ઝાડા-ઉલટીના ૩,૭૫૩ કેસ નોંધાઈ ચૂક્યા છે. ત્યારે શહેરમાં વધી રહેલા રોગચાળાને પગલે હવે ફોગિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.



નારાયણપુરા ભુયંગદેવ પાસે આવેલ સાધના સ્કુલના વિદ્યાર્થી દ્વારા બનાવેલ ચંદ્રાયાન-૩ની રાખડી

# વરસાદ ખેચાતા ૮ની જગ્યા હવે ૧૦ કલાક વીજળી અપાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં વરસાદ ખેચાતા જગતનો તાત ચિંતિત બન્યો છે. ત્યારે ખેડૂતોને લઈ ઉર્જા મંત્રીએ મોટી જાહેરાત કરી છે. પિયત માટે રાજ્યના ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ કલાક વધુ વીજળી આપવાની સાથો સાથ નર્મદા અને સુજલામ સુફલામમાં સિંચાઈ માટે પાણી છોડવાની પણ જાહેરાત કરાઈ છે મંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી લોકોની સુખાકારી માટે લોક ઉપયોગી નિર્ણયો કર્યા છે, જૂલાઈમાં ૮૦ ટકા વરસાદ થયો છે,અત્યારે વરસાદની ખોટ સર્જાઈ છે પાણી છતાં પાક સુકાય રહ્યો છે. ખેડૂતોની કૃષિ મંત્રીને રજૂઆતો આવી છે જેને લઈ વીજળી અને પાણી આપવાની જાહેરાત કરાઈ છે, વીજળી ખેડૂતોને આઠ કલાક અપાય છે જેની જગ્યા હવે ૧૦ કલાક આપવામાં આવશે. જેમા કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે. જેને લઈ ૧૨ લાખ ખેડૂતોને ફાયદો થશે. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, નર્મદામાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. ૧૪ પાઈપ લાઈનથી સુજલામ સુફલામ યોજના છે તેમાં પણ પાણી છોડવામાં આવશે. સાણંદ અને આસપાસના વિસ્તારો કે જ્યાં ડાંગર થાય છે ત્યાં બે-ત્રણ દિવસમા પણ પાણી અપાશે. ૮૦ ટકા ડેમો ભરાયા છે બાકીના ડેમો માંથી પણ પાણી છોડવામાં આવશે

# વરણા ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો નિષ્ફળ પ્રયાસ

## આ મામલે સિનિયર સેક્શન એન્જિનિયરે ફરિયાદ કરતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે

વડોદરા, તા.૨૯

વડોદરાના વરણામાં મોટી દુર્ઘટના ટળી છે. વરણા ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. આ સાથે જ ટ્રેક ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે.

પાઈલટની સતર્કતાથી ૨ એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે. આ સમગ્ર મામલે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. વડોદરાના વરણામાં ઈટોલા વચ્ચે રેલવે ટ્રેક પર પોલ મૂકી ટ્રેન ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. મોડી રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતા મામલો સામે આવ્યો હતો. કેટલાક અસામાજીક તત્વોએ મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૨ ટ્રેનના પાયલોટની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી હતી. ઓખા શાલીમાર એક્સપ્રેસ અને અમદાવાદ પુરી એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે. આ મામલે સિનિયર સેક્શન એન્જિનિયરે ફરિયાદ કરતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. ગઈ કાલે રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉઠલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો. વડોદરા સુરત રેલવે લાઈન પર ૩૮૦/૯ અને ૩૮૦/૭ પિલલર વચ્ચે તથા ૩૭૯/૧૭ અને તે૩૭૯/૧૫ પિલલર વચ્ચે મેટલ ફેનસિંગ પોલ અજાણ્યા શખ્સ દ્વારા મૂકી ટ્રેન ઉઠલાવવાનો પ્રયાસ કરાયો હતો. આ ઘટનામાં ઓખા શાલીમાર એક્સપ્રેસ અને અમદાવાદ પુરી એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya